RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 187* Date: 05.05.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી (સીસીએમબી)ના વૈજ્ઞાનિકો દ્વારા તેની શોધ કરવામાં આવી

# ભારતમાં મળ્યો કોરોનાનો નવો 'એપી સ્ટ્રેન, ૧૫ ગણું વધુ સંક્રમણ ફેલાવી રહ્યો છે

વિશાખાપટ્ટનમ, તા.૪

ભારતમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન સામે આવ્યો છે. જેનું નામ છે એપી સ્ટ્રેન. એટલે કે, આ સ્ટ્રેન આંધ્રપ્રદેશમાં મળી આવ્યો છે. વૈજ્ઞાનિક ભાષામાં તેને એન૪૪૦કે સ્ટ્રેન કહેવામાં આવી રહ્યો છે. સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી (સીસીએમબી) ના વૈજ્ઞાનિકો દ્વારા તેની શોધ કરવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ સ્ટ્રેન ૧૫ ગણું વધુ સંક્રમણ ફેલાવે છે. આને કારણે, લોકો ૩ થી ૪ દિવસમાં બીમાર થઈ જાય છે.

એપી સ્ટ્રેન એટલે એન૪૪૦કે સ્ટ્રેનની શોધ પ્રથમ આંધ્રપ્રદેશના કુર્નુલમાં થઈ હતી. આ સ્ટ્રેન બી૧.૬૧૭ અને બી૧.૬૧૮ સ્ટ્રેન કરતાં વધુ શક્તિશાળી છે. વિશાખાપટ્ટનમના જિલ્લા કલેકટર વી.વિનય ચંદે જણાવ્યુ હતુ કે, હાલ સીસીએમબીમાં અનેક સ્ટ્રેનોની તપાસ કરવામાં આવી રહી છે. ક્યો સ્ટ્રેન કેટલો ખતરનાક છે, તે ફક્ત વૈજ્ઞાનિકો જ કહી શકશે. પરંતુ તે સાચું છે કે નવો સ્ટ્રેન મળ્યો છે. તેના નમૂનાઓ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

એવું જોવા મળે છે કે કોરોના વાયરસનો નવો એપી સ્ટ્રેન ઝડપથી વિકસી રહ્યો છે. તેનો ઈનક્યૂબેશન સમયગાળો અને બીમારી ફેલાવવાનો સમયગાળો ટૂંકોછે. તે ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે તેમજ વધુ લોકોને સંક્રમણ લગાવી રહ્યો છે. આ સ્ટ્રેનથી સંક્રમિત લોકો ૩ થી ૪ દિવસની અંદર જ ગંભીર સ્થિતિમાં પહોંચી જાય છે.

પ્રથમ કોરોના લહેર જેવી સ્થિતિ નથી. આ સમયે નવા સ્ટ્રેન લોકોને વધુને વધુ બીમાર બનાવી રહ્યા છે. હવે એપી સ્ટ્રેન (AP Strain) એટલે કે એન૪૪૦કે સ્ટ્રેન વિશે વૈજ્ઞાનિકો પણ હેરાન છે. કારણ કે તેના વિશે વધુ કહેવું મુશ્કેલ છે. તે વાયરસ યુવાનોને ઝડપથી નિશાન બનાવી રહ્યો છે. તે તેમને પણ તે છોડતો નથી જેઓ ફિટનેસની સંભાળ રાખે છે અથવા જેમની ઈમ્યુનિટી ખૂબ જ મજબૂત છે. લોકોના શરીરમાં સાયટોકાઈન સ્ટોર્મ આવી રહ્યા છે.


હાલમાં દક્ષિણ ભારતમાં ફેલાયેલા પાંચ મુખ્ય કોરોના સ્ટ્રેન છે. આમાં બી.૧, બી.૧.૧.૭, બી.૧.૩૫૧, બી.૧.૬૧૭ અને બી.૧.૩૬ સામેલ છે. એવું જોવા મળી રહ્યું છે કે દક્ષિણ ભારતમાં આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તેલંગાણામાં હાલમાં એપી સ્ટ્રેઈનએટલે કે એન૪૪૦કે સ્ટ્રેન ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

મહારાષ્ટ્રની તુલના કરવામાં આવે તો, ત્યાં હજી સૌથી વધુ ૠ.૧.૬૧૭ સ્ટ્રેનની અસર છે. પરંતુ હવે ત્યાં પણ એપી સ્ટ્રેન (AP Strain) એટલે કે એન૪૪૦કે સ્ટ્રેન પહોંચી ચૂક્યો છે. મહારાષ્ટ્રમાં લોકો હાલમાં કોરોના વાયરસના ૬ સ્ટ્રેનથી પીડિત છે. તે છે - બી.૧, બી.૧.૧.૭, બી.૧.૩૫૧, બી.૧.૬૧૭ અને બી.૧.૩૬ (એન૪૪૦કે), બી.૧.૬૧૭ અને બી.૧.૬૧૮ સ્ટ્રેન. એટલે કે, એપી સ્ટ્રેનની અસર મહારાષ્ટ્રમાં પણ છે.

એપી સ્ટ્રેન એટલે કે એન૪૪૦કે સ્ટ્રેન એક મ્યૂટેશન છે. તેના લીનિએજ એટલો શક્તિશાળી નથી પણ તે દક્ષિણ ભારત માટે ચિંતાનો વિષય છે. આ સ્ટ્રેનના કારણે છેલ્લા સાત દિવસોમાં મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ અને તેલંગાણામાં કોરોના કેસ વધ્યા છે. તેથી હવે ડોકટરો અને વૈજ્ઞાનિકો આ નવા કોરોના સ્ટ્રેન વિશે ખૂબ જ ચિંતિત છે.

હાલમાં પ્રયોગશાળામાં કરવામાં આવેલા પરીક્ષણો દરમિયાન, જાણવા મળ્યું છે કે આ વિવિધ સ્ટ્રેન એટલે કે લોકોમાં સંક્રમણ લગાડવા માટે એકબીજા સાથે સ્પર્ધા કરે છે. એટલે કે કયા સ્ટ્રેને કેટલા લોકોને સંક્રમણ લગાવ્યું છે. કારણ કે તેઓ પોતાને જીવંત રાખવા માટે આવું કરે છે. એપી સ્ટ્રેન એટલે એન૪૪૦કે સ્ટ્રેન પણ આવી જ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યો છે. દક્ષિણ ભારતમાં આનાથી સંક્રમિત લોકોની સંખ્યા વધી રહી છે. વાયરસના સ્ટ્રેનનું 'મનુષ્યને સંક્રમણ લગાવીએ'. વાયરસના વિવિધ પ્રકારોની સ્પર્ધાને દૂર કરી શકાય છે. આ માટે, દરેક માનવીએ પોતાને બચાવવું મહત્વપૂર્ણ છે. કોવિડ પ્રોટોકોલનું સંપૂર્ણ પાલન કરો. જો તેમાં થોડી બેદરકારી દાખવવામાં આવે છે અથવા થોડી ગેરવર્તન કરવામાં આવે છે, તો તમને કોરોના વાયરસનો કોઈ સ્ટ્રેન ઝપેટમાં લઈ લેશે.

દક્ષિણ ભારતના ચાર રાજ્યો, આંધ્રપ્રદેશ, કેરળ, કર્ણાટક અને તેલંગાણાના દોઢ મહિના



પહેલા મહારાષ્ટ્રમાં કોરોના વાયરસની બીજી લહેર શરૂ થઈ હતી. મહારાષ્ટ્રમાં બી .૧.૬૧૭ સ્ટ્રેનનો બોમ્બ ફૂટ્યો. મોટાભાગના લોકો ત્યાં આ સ્ટ્રેનની ઝપેટમાં આવી ગયા હતા. જો આ જ સ્ટ્રેનમાં મ્યૂટેશન આવે તો તે આંધ્રપ્રદેશનો કુરનુલથી મળત. જેને હવે એપી સ્ટ્રેન (AP Strain) એટલે કે એન૪૪૦કે સ્ટ્રેન કહેવામાં આવે છે.

હાલમાં, સમગ્ર દેશમાં કોરોના વાયરસના જે સ્ટ્રેને સૌથી વધુ લોકોને અસર કરી છે, તેમાં બી.૧.૧.૭ વાળો સ્ટ્રેન છે. તે પછી બી.૧.૬૧૭ સ્ટ્રેનથી લોકોને સંક્રમણ લાગ્યું છે. ત્યાર બાદ બી.૧.૩૫૧ સ્ટ્રેનથી બીમાર છે. જ્યાં સુધી એપી સ્ટ્રેઈનની વાત છે, એટલે કે એન૪૪૦કે વેરિઅન્ટનું આ મ્યૂટેશન દક્ષિણ ભારતમાં હાલના વાયરલ જીનોમના ૨૦ ટકા કરતા ઓછો છે. પરંતુ તે જે વેરિએન્ટમાં મળી રહ્યો છે તે વધુ જોખમી બની રહ્યો છે.

# હાઈકોર્ટે રૂપાણી સરકારને પૂછ્યુ, સ્વીકારો છો કે તમે નિષ્ફળ ગયા છો?

*અમદાવાદ,તા.૪*

ગુજરાત હાઈકોર્ટે રાજ્યની કોરોના સ્થિતિ ધ્યાને રાખી લીધેલી સુઓમોટો અરજી પર આજે સુનાવણી થઈ છે. ગુજરાત હાઈકોર્ટે એડવોકેટ એસોસિયેશન પાસે માંગેલા સૂચનો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં હાઈકોર્ટે રેમડેસિવિર ઈન્જેક્શન, ઓક્સિજનની અછત મામલે ગુજરાત સરકારની ઝાટકણી કાઢી હતી. સાથે જ હાઈકોર્ટે એએમસીનો ઉધડો લીધો હતો. હાઈકોર્ટે એએમસી ને ટકોર કરીને કહ્યું કે, અન્ય કોર્પોરેશન દ્વારા રિયલ ટાઈમ હોસ્પિટલ બેડનો ડેટા આપવામાં આવે છે. તો શા માટે એએમસી નથી આપતી, એએમસી શું છુપાવવાનો પ્રયાસ છે?

હાઈકોર્ટે ગુજરાત સરકારને ખખડાવતા કહ્યું કે, ૨૧ યુનિવર્સિટીમાં ટેસ્ટિંગની પ્રક્રિયા શરુ કરવાની હતું, તેઓએ હજી સુધી રાજ્ય સરકારની વાત માની કેમ નથી. ત્યારે તેના જવાબમાં એડવોકેટ કમલ ત્રિવેદીએ સરકારને જવાબ આપ્યો કે, અમે તેઓને એપેડેમિક એક્ટ હેઠલ લઈશું. અમે તેઓને રિકવેસ્ટ કરી રહ્યા છીએ. ત્યારે હાઈકોર્ટે આ મામલે ટકોર કરતા કહ્યું કે, રિકવેસ્ટ શા માટે કરો છો, આદેશ કરો અને તેમની સામે એપેડેમિક એક્ટ હેઠળ પગલા ભરો. તો હાઈકોર્ટે સાથે જ કહ્યું કે, તમે સ્વીકારો છો કે રાજ્ય સરકાર કોરોનાની સ્થતિ સાંભળવામાં નિષ્ફળ ગયું છે. રાજ્ય સરકારની પોલિસી પ્રમાણે કોર્પોરેશન કામ કેમ નથી કરતું. કેમ બાળકો જેવું વર્તન કરો છો. ૧૦૮ માટે ૪૮ કલાક રાહ જોવી પડે છે. શું પોલિસીમાં ખામી છે. ત્યારે કોર્પોરેશન તરફી વકીલ મિહિર જોશીએ જવાબ આપ્યો કે, પોલિસીમાં ખામી નથી, એમ્બ્યુલન્સ વધારવાની જરૂર છે.

હાઈકોર્ટે રેમડેસિવિર વિશે કહ્યું કે, રેમડેસિવિર ઈન્જેક્શન લોકો સુધી કેવી રીતે પહોંચી શકે તેની વાત કરો. અમદાવાદ જિલ્લામાં ૪૫% રેમડેસિવિર ઈન્જેક્શન પહોંચાડવામાં આવ્યા છે અને કેન્દ્ર સરકાર અમને વધુ વાઈલ આપે તેવી અમારી રિકવેસ્ટ છે. તેવુ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટમાં જણાવ્યુ. ત્યારે હાઈકોર્ટે કહ્યું કે, આવનારી હિયરિંગમાં છેલ્લા ૧૫ દિવસમાં અને એક મહિનામાં રેમડેસિવિર ઈન્જેક્શનની ફાળવણીનો ચાર્ટ એફીડેવિટ સ્વરૂપે આપો.

હાઈકોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે, ગુજરાત સરકાર શા માટે પોતાના ફંડમાંથી ઓક્સિજન પ્લાન્ટ ઉભા નથી કરતી. ઓક્સિજનની અછત વિશે કમલ ત્રિવેદીએ જવાબ આપ્યો કે, ઓક્સિજનની અછતને પહોંચી વળવા માટે લોકલ ઉત્પાદકોની મદદ લેવામાં આવશે. ૨૦ જેટલા પ્લાન્ટ છે જેમને પરવાનગી આપી છે કે તેઓ નાઈટ્રોજનમાંથી ઓક્સિજન બનાવી શકે, રાજ્યમાં ૩૨ નવા ઓક્સિજનના પ્લાન્ટ બનાવવાની પ્રોસેસ શરુ થઈ થઈ ગઈ છે. પરંતુ રો મટીરિયલ માટે જે વેદેશી કંપનીઓ સાથે ટાઈઅપ કર્યું છે તેમાં સમય લાગે તેમ છે. ફ્રાન્સ, જર્મની, ચાઈના દેશની કંપનીઓ રો-મટીરીયલ પ્રોડક્શન કરે છે. બે થી ત્રણ મહિનામાં એક પ્લાન્ટ શરુ થઈ જાય છે.

# દેશમાં કોરોના સંક્રમિતો બે કરોડને પાર, ૩,૫૭,૨૨૯ નવા કેસ, ૩૪૪૯ના મોત



ન્યુ દિલ્હી,તા.૪

દેશમાં કોરાના વાઈરસના કેસોમાં ફરી એક વાર રેકોર્ડ ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. દિન-પ્રતિદિન કોરોના કેસોમાં નવો રેકોર્ડ બની રહ્યો છે. દેશમાં કોરોનાની સ્થિતિ બદથી બદતર થઈ રહી છે. દેશમાં કોરોનાની બીજી લહેર વધુ ઘાતક બની રહી છે. આરોગ્ય મંત્રાલયે જારી કરેલા આંકડા મુજબ પાછલા ૨૪ કલાકમાં ૩,૫૭,૨૨૯ નવા કેસ સામે આવ્યા છે. દેશમાં સતત ૧૩મા દિવસે કોરોનાના સાડાત્રણ લાખથી વધુ નવા કેસો નોંધવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૪૯ લોકોનાં મોત થયાં છે. દેશમાં આ વાઈરસથી અત્યાર સુધી કુલ ૨,૦૨,૮૨,૮૩૩ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે અને અત્યાર સુધી ૨,૨૨,૪૦૮ લોકોનાં મોત થયાં છે. જોકે આ ખતરનાક બીમારીને ૧,૬૬,૧૩,૨૯૨ લોકો માત આપી ચૂક્યા છે. પાછલા ૨૪ કલાકમાં ૩,૨૦,૨૮૯ લોકો કોરોના સંક્રમણથી ઠીક થયા છે. જ્યારે હાલ આ વાઈરસના સંક્રમિત સક્રિય લોકોની સંખ્યા ૩૪,૪૭,૧૩૩ પહોંચી છે. રિકવરી રેટ વધીને ૮૧.૯૧ ટકાએ પહોંચ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૧૦ ટકા થયો છે.

દેશમાં અત્યાર સુધીમાં ૧૫,૮૯,૩૨,૯૨૧ લાખ લોકોને કોરોનાની રસી આપવામાં આવી ચૂકી છે. ગઈ કાલે ૧૭,૦૮,૩૯૦ લોકોને રસી આપવામાં આવી હતી. આરોગ્ય મંત્રાલયે જણાવ્યુ કે દેશના અલગ-અલગ રાજ્યોમાં હાલમાં કોરોના વાયરસના ૩૪,૪૭,૧૩૩ સક્રિય કેસ છે. આ પહેલા સોમવારે આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યુ કે દેશના ઘણા રાજ્યોમમાં કોરોના વાયરસના દૈનિક કેસોમાં ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે હાલમાં દેશમાં કોરોના વાયરસ સામે રસીકરણ અભિયાન પણ તેજીથી ચલાવવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધીના આંકડા મુજબ દેશના અલગ અલગ ભાગોમાં કોરોના વાયરસ વેક્સીનનો કુલ ૧૫,૮૯,૩૨,૯૨૧ ડોઝ આપવામાં આવી ચૂક્યો છે.આપી.

## કોરોનાનો કહેર, આઇપીએલ રદ, બાકીની મેચને રી-શેડ્યુઅલ કરાશે

મુંબઈ,તા.૪

દેશભરમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. તો સૌથી સુરક્ષિત વાતાવરણ એટલે કે બાયો બબલમાં રહેતા IPL-21ના ખેલાડીઓ સુધી પણ કોરોના વાયરસ પહોંચ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સના ૨ અને ચેન્નાઈ સુપર કિંગ્સના સ્ટાફમાંથી ૩ કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવ્યા બાદ હવે BCCIએ IPL-21 રદ કરવાનો નિર્ણય કર્યો છે. કોરોના કાળમાં આઈપીએલ કરવાને લઈને બીસીસીઆઈએ મજબૂત બાયો બબલનું કારણ આગળ ધર્યું હતુ, ત્યારબાદ ૨૯ મેચ જ સફળતાપૂર્વ યોજી શકાઈ.

ઉલ્લેખનીય છે કે આઈપીએલમાં વધુ એક ખેલાડી કોરોના પોઝિટિવ આવ્યો છે. સનરાઈઝર્સ હૈદરાબાદનો રિદ્ધિમાન સાહા અને દિલ્હી કેપિટલ્સનો અમિત મિશ્રા પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. આ પહેલા કોલકાતાનો વરુણ ચક્રવર્તી અને સંદીપ વૉરિયર પણ પોઝિટિવ આવ્યા હતા. ચેન્નઈ અને મુંબઈના તબક્કાની તમામ મેચો પૂર્ણ થઈ, પરંતુ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સીઝનની ૩૦ મેચ નહોતી રમાઈ શકી. ઉલ્લેખનીય છે કે આજે થનારી મુંબઈ-હૈદરાબાદની મેચને લઈને પહેલાથી જ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી હતી.અનેક ઑસ્ટ્રેલિયાઈ ખેલાડીઓ પહેલા જ કોરોના વાયરસના વધતા કેસોના કારણે પોતાના દેશ પાછા જતા રહ્યા હતા. આમાં એડમ ઝમ્પા, એન્ડ્રુ ટાય અને કેન રિચર્ડસન સામેલ હતા.

# દેશમાં ૨૦મેથી ઓછું થવા લાગશે કોરોના સંક્રમણ, આઇઆઇટીના પ્રોફેસરનો દાવો

કાનપુર,તા.૪

કોરોના વાયરસનું સંક્રમણ દેશના અનેક રાજ્યોમાં પીક પર છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર સહિત અનેક રાજ્યો કોરોના સંક્રમણનો મારો સહન કરી રહ્યા છે. આઈઆઈટી કાનપુરના પ્રોફેસર મણીન્દ્ર અગ્રવાલે દાવો કર્યો છે કે યૂપીના કાનપુર, પ્રયાગરાજ, વારાણસી, લખનૌમાં સંક્રમણનો ગ્રાફ ૨૦ મે બાદ નીચે જશે, જ્યાં દરરોજ શહેરોમાં દોઢથી ૨ હજારની વચ્ચે કેસ આવી રહ્યા છે, ત્યાં ૨૦ મે બાદ સેંકડોમાં સીમિત થઈ જશે.

આઈઆઈટી કાનપુરના કૉમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસર પદ્મશ્રી મણીન્દ્ર અગ્રવાલે ગાણિતિક વિશ્લેષમના આધાર પર દાવો કર્યો છે. તેમણે કોરોના પ્રભાવિત દરેક રાજ્યનો અલગ-અલગ ડેટા તૈયાર કર્યો છે. પ્રોફેસરે ગાણિતિક વિશ્લેષણના આધારે દાવો કર્યો છે કે યૂપીના પ્રમુખ શહેરો કાનપુર, લખનૌ, વારાણસી અને પ્રયાગરાજ અને બીજા અનેક શહેરોમાં સંક્રમણનો ગ્રાફ ધડપથી નીચે આવશે, જ્યારે કેટલાક રાજ્યોમાં સંક્રમણનો ગ્રાફ ઝડપથી વધશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૦૫૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૬૨૦૪૭૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૧૨૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૪૬૪૩૯૬**

# બ્રિટનમાં ૨૪૪૮ કરોડ રૂપિયાનું રોકાણ કરશે સીરમ ઈન્સ્ટીટ્યુટ

લંડન,તા.૪

કોરોનાની વેક્સિન બનાવી રહેલી વિશ્વની સૌથી મોટી કંપની સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા(SII)એ બ્રિટનમાં ૨૪૪૮ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો નિર્ણય લીધી છે. બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને સોમવારે આ અંગેની જાહેરાત કરી છે. જોનસનની ઓફિસ તરફથી કહેવામાં આવ્યું છે કે એ ખુશીની વાત છે કે સીરમ ઈન્સ્ટીટ્યુટે બ્રિટનમાં ૨૪૦ મિલિયન પાઉન્ડ(લગભગ ૨૪૪૮ કરોડ રૂપિયા)નું રોકાણ કરવાનો નિર્ણય લીધો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બ્રિટનમાં સેલ્સ ઓફિસ, ક્લિનીકલ ટ્રાયલ, રિસર્ચ અને ડેવલોપમેન્ટની સાથે શકય વેક્સિન બનાવવામાં આવશે.પીએમ બોરિસ જોનસનના અધિકારી તરફથી આપવામાં આવેલી માહિતા મુજબ બ્રિટન અને ભારત મળીને વેક્સિન ક્ષેત્રમાં કામ કરશે. લગભગ ૧ બિલિયન ડોલરનો ટ્રેડ અને રોકાણ આ અંતર્ગત કરવામાં આવશે. તેનાથી લગભગ ૬૫૦૦ નોકરીઓ સર્જાશે. તેના માટે મંગળવારે વડાપ્રધાન જોનસન અને નરેન્દ્ર મોદી વરચ્યુઅલ વાતચીત પણ કરશે. તે પછી જ તેની જાહેરાત થશે.

સીરમ ઈન્સ્ટીટ્યુટે બ્રિટનમાં નાકમાંથી આપવામાં આવતી નેજલ વેક્સિનના ફેઝ-૧ નું ટ્રાયલ પણ શરૂ કરી દીધું છે. જો બધુ યોગ્ય રહ્યું તો નેજલ વેક્સિનનો એક જ ડોઝ દરેક પર અસર કરશે. ભારત બાયોટેકે પણ નેજલ વેક્સિનનું ટ્રાયલ ભારતમાં શરૂ કરી દીધુ છે.

## તંત્રી સ્થાનેથી...

# નિષ્ણાતોની સલાહ, લોકોની માંગ, કોર્ટનો નિર્દેશ છતાં લોકડાઉન શા માટે નહીં....?

***આપણે ત્યાં કહેવત છે કે કહેવા છતાં થાકેલ પ્રવાસી ગધેડે ન ચડે.... ભારતમાં કંઈક આવું જ છે... કોરોનાએ દેશના ૧૧ ઉપરાંત રાજ્યોમાં વરવુ રૂપ બતાડી દીધુ. સરકારી તથા ખાનગી હોસ્પિટલો દર્દીઓથી હાઉસફુલ થઈ ગઈ તે સાથે હોસ્પિટલમાં દાખલ થવા ૧૦૮ એમ્બ્યુલન્સોની લાઈનો લાગી. દર્દીઓને બચાવવા એમ્બ્યુલન્સમાજ ઓક્સિજન આપવા સાથે સારવાર કરવાની નોબત આવી પડી. બીજી તરફ રેમડેસિવીરની અછતે માજા મૂકી દીધી અને છેવટે ઓક્સિજનની અછત સર્જાતા અનેક માનવ જિંદગી મોતના મુખમાં ધકેલાઈ ગઈ. અને એ હદે સંખ્યા વધી ગઈ કે કોરોના હોટસ્પોટ ગણાતા રાજ્યોના સ્મશાનગૃહોમા ૨૪ કલાક અંતિમવિધિ ચાલવા સાથે મૃતદેહોની અંતિમ ક્રિયા માટે લાઇનો લાગી ગઇ. દિલ્હીમાં તો સ્મશાન ગૃહોની બહાર પાર્કીગમાં અગ્નિદાહ આપવા ફરજ પડી.જે તે રાજ્યોના સ્મશાન ગૃહોની આવી હાલત હતી તો કબ્રસ્તાનોની હાલત પણ એવી જ બની ગઈ હતી...મૃતદેહોને દફન કરવા માટે જેસીબી મશીન ઉપયોગમાં લેવા પડ્યા તો દફનાવવા માટે જમીન પણ ઓછી પડવા લાગી છે... સરકારી તંત્રમાં માનવીય રીતે પરિસ્થિતિ અનુસાર નિર્ણય કરવામાં એક પછી એક ભૂલ કરતા રહ્યા....! ત્યારે હાઈકોર્ટે અને સુપ્રીમ કોર્ટોને નકુચેતી કરવા ફરજ પડી છે... છતાંય અમલ કરવાની શરૂઆત થઇ તો સત્તા મોહાધ બનેલાઓને માનવ જીવનની કિંમત જ ન હોય તેમ દેશનાં પાંચ રાજ્યોમા સત્તા મેળવવા કોરોના નિયમોની ઐસીતૈસી કરવા સાથે સભા, રેલીઓ સહિતના કાર્યક્રમોમાં ઓતપ્રોત થઈ ગયા. તેમાં પણ સમગ્ર દેશના સુશાસન માટે જેઓને આમ પ્રજાએ વિશ્વાસ મુકી સત્તા સૌંપી તેઓ ખૂદ પોતાની લોકહિતની જવાબદારીઓ ભૂલી જે તે રાજ્યોની પોતાના પક્ષની સત્તા મેળવવા ચૂંટણી પ્રચારમાં ઓતપ્રોત બની ગયા તે સાથે કેન્દ્ર સરકારના ૫૦ ટકા પોતાના સાથીદારોને ચૂંટણી પ્રચારમાં જોતરી દીધા હતા....! તો બીજી તરફ દેશ ભરની પરેશાન પ્રજા કોરોનાથી હતપ્રભ થઈ ગયેલ પ્રજા... સરકારના આવા બધા તાયફાઓ જોઈ રહી હતી અને મનોમન આકરા શબ્દોમાં આક્રોશ વ્યક્ત કરી રહી હતી અને કરી રહી છે....છેવટે એવા પરિણામો આવ્યા કે દેશના વડાને મોઢુ છુપાવવુ પડે તેવી દશા બની ગઈ....! અને પોતાની સાથે સમગ્ર પક્ષ પર બદનામીનો પછેડો આવી પડ્યો....!!***

***કોરોના મહામારી વચ્ચે આઈપીએલ યોજવા માટે જે-તે જવાબદારોની જીદ કામ કરતી હતી અને પ્રજાજનો આઈપીએલ મેચ રદ થાય તેવું ઇચ્છતા હતા. આખરે કોરોનાએ કેટલાક ખેલાડીઓને પોતાની ચપેટમાં લઈ લીધા ત્યારે આઈપીએલ રદ કરવા ફરજ પડી. બીજી તરફ કાળઝાળ કોરોના મહામારી વચ્ચે ઓક્સિજનની એ હદે અછત ઊભી થઈ કે મૃતદેહોની લાઈનો લાબી થવા લાગી અને લાકડાની કમી સર્જાય તેવી સ્થિતિ થવા પર પહોચી ત્યારે સરકારને જ્ઞાન લાધ્યુ અને ઓક્સિજનની ઉત્પાદન ક્ષમતા વધારવા અનેક લોકોનો સહયોગ મેળવી ઉત્પાદન વધાર્યું, જરૂરી સ્થળો પર ઓક્સિજન મોકલવાનું સંકલન કર્યું અને વિદેશથી પણ ઓક્સિજન આયાત કરવો પડ્યો... આ બધુ બતાવે છે આપણી સરકારી તંત્રની નિષ્ફળતા....! ઓક્સિજન બાબતે સંસદની કમિટીએ રિપોર્ટ આપ્યો હતો તેને ધ્યાનમા લીધો નહીં, તો કોરોનાની બીજી લહેર માટેની નિષ્ણાતોની ચેતવણીઓ ને અવગણવામાં આવી....આના સિવાય ૨૦૨૦ મા ત્રાટકેલા કોરોનાના અનુભવ પછી એક પણ નવી સરકારી હોસ્પિટલો ઊભી કરી નહી કે હેલ્થ ક્ષેત્રનું જરૂરી આયોજન કરવામાં ન આવ્યું... જો કે સમયનો તકાજો ઓળખીને સમરસ હોસ્પિટલો ઉભી કરી પરંતુ ત્યાં પણ લાઈનો લાગે છે જ્યારે કે દેશમાં અનેક કોલેજો, શાળાઓ સહિતના સારા સારા બાંધકામો તથા બિલ્ડિંગો ખાલી પડ્યા છે ત્યાં રાતોરાત કોવિડ કેર હોસ્પિટલો ઓછા ખર્ચમાં ઊભી થઈ શકે છે...છતાંય.....! હવે દેશ-વિદેશના નિષ્ણાતો લોકડાઉન માટે સલાહ આપી રહ્યા છે તો દેશના લોકો પણ ર્દ્રુંષ્ઠાદ્બુંહ માગી રહ્યા છે તો કેટલાક નેતાઓ lockdown લાદવા માંગ કરી રહ્યા છે, કોર્ટે પણ lockdown લાદવા નિર્દેશ આપી દીધા છે. છતાંય.... હવે પ્રજા હિત અને તેની સલામતિ માટેનો નિર્ણય કેન્દ્ર સરકારે કરવાનો છે.....!?! વંદે માતરમ્,***

# સરકારની જવાબદારી કેટલી?

વર્તમાન મહામારીમાં સરકારની ફરજનાં મુખ્યત્વે આટલાં ક્ષેત્રો ગણાય.

૧) આગોતરું આયોજન અને તૈયારી કરવાં.

૨) આવી મહામારી સંપૂર્ણપણે ટળી ન હોય ત્યાં સુધી નિષ્ણાતોને સાથે રાખવા, તેમની સલાહ સાંભળવી અને રાજકીય અનુકૂળતા પ્રમાણે નહીં, લોકોના હિતમાં જરૂરી હોય તે બધાનો અમલ કરવો.

૩) વાઇરસ ફરી ત્રાટકે ત્યારે તેનો ફેલાવો ઘટાડવાના પ્રયાસ કરવા.

૪) મેળાવડા ટાળવા-નિયમો પાળવા-ધાર્મિક લાગણીઓ પંપાળવાની લાલચ ટાળવી-ચૂંટણીઓ પાછી ઠેલવી.

૫) ટેસ્ટિંગ માટેની શક્ય એટલી વધુ સુવિધા અને ક્ષમતા ઊભાં કરવાં.

૬) લોકોને સાચી માહિતી અને સાચું માર્ગદર્શન મળી રહે તે માટેનાં ઠેકઠેકાણે કેન્દ્રો, હેલ્પલાઇન, સોશિયલ મિડીયા કે બીજી ટૅક્નોલોજીની મદદથી સંવાદ સાધવો.

૭) સરકારે હાથ ઊંચા નથી કરી દીધા, પણ તે લોકોની સાથે છે—અને કેવળ પ્રસિદ્ધિ મેળવવા કે પોતે કેવાં મહાન પગલાં લીધાં તેના દાવા કરવા માટે નહીં, લોકોને વાસ્તવિક રીતે મદદરૂપ થવા માટે—તેનો અહેસાસ કરાવવો.

૮) બીમારોને યોગ્ય સારવાર મળી રહે તે માટેની અસરકારક વ્યવસ્થા ગોઠવવી.

૯) જરૂરી દવાઓ, ઑક્સિજન અને મૅડિકલ સાધનોની અછત ન સર્જાય અને તે દર્દીઓને મળી રહે તે જોવું. મોટાં શહેરોમાં તે લેવા માટે બહુ દૂર દૂર સુધી ન જવું પડે તેવું ગોઠવવું.

૧૦) તેનાં કાળાં બજાર ન થાય તે જોવું અને શક્ય હોય તો દર્દીને તે રાહત ભાવે આપવા પ્રયત્ન કરવો.

૧૧) આટલી મોટી આફતમાં પહોંચી વળવા માટે શક્ય એટલી સંસ્થાઓ-સંગઠનો-લોકોને જોતરવા પ્રયાસ કરવો. એ માટે પોતાનો અહંકાર બાજુ પર મુકવો અને વિચારધારાના વિરોધી હોય તેમની પણ મદદ માગવી.

૧૨) જૂઠાણાં ફેલાવવાં નહીં. ગૌરવ લેવાના અને પ્રસિદ્ધિ ખાટવાના ઉધામા થોડા સમય માટે બંધ કરવા. દરેક બાબતને વડાપ્રધાન-મુખ્ય મંત્રીના જયજયકારમાં ઝબકોળીને રજૂ કરવી નહીં.

આ યાદી હજુ ઘણી લંબાઈ શકે. તેમાં પેટામુદ્દા ઉમેરી શકાય. પરંતુ સરકારની કામગીરીના વ્યાપનો અંદાજ આપવા માટે આટલું પૂરતું છે.

કોઈ પણ સરકાર આટલું કરે ત્યાં સુધી એ કશી ધાડ નથી મારતી. આ બધું તેની ફરજમાં આવે છે. સરકાર પ્રત્યે ભક્તિભાવ ન હોય એવી કોઈ પણ વ્યક્તિને સમજાઈ જશે કે ઉપરની લગભગ તમામ બાબતોમાં ગુજરાત સરકાર નિષ્ફળ રહી છે.

ફક્ત બે જ ઉદાહરણઃ એક મહિના પછી પણ હજુ રેમડેસિવિરનાં ઇન્જેક્શન સહેલાઈથી મળતાં થયાં નથી અને હજુ પણ ઑક્સિજનના અભાવે લોકો મૃત્યુ પામે છે.

સરકારી તંત્રમાં થયેલો વ્યક્તિગત સારો અનુભવ કોઈ શૅર કરે કે તે બાબતનો આનંદ કરે, તે સરકારની ભક્તિ નથી. પરંતુ એ વ્યક્તિ પોતાના અનુભવનું સામાન્યીકરણ કરીને, સરકારની એકંદર કામગીરીને બિરદાવવા બેસી જાય ત્યારે તે ભક્તિ બની જાય છે. કારણ કે, તેમાં બીજા અસંખ્ય લોકોની પીડા-વેદના-સ્વજનમૃત્યુની કારમી વાસ્તવિકતાનો ઇક્રાર કે અસ્વીકાર થાય છે.

ઉપરની યાદીમાંથી સરકાર કશુંક, થોડુંઘણું કરે કે તરત તેનાં ગીતડાં ગાવા બેસી જવું કે પછી સરકારનું ઉપરાણું તાણીને 'ઓચિંતી આફત આવે તો સરકાર પણ બિચારી શું કરે'—એમ કહેવું, એ ભક્તિનો પોઝિટિવ ટેસ્ટ છે. સરકારની મુશ્કેલી સમજવા માટે પારાવાર ઉત્સુક અને સરકારના ટીકાકારોને ઉપદેશ આપવા તલપાપડ લોકો પોતાની જાતને 'તટસ્થ', 'પોઝિટિવ', 'બંને બાજુનું જોનાર' કે બીજું જે ગણતા હોય તે, પણ સાદા શબ્દોમાં તે ભક્તિમાર્ગી ગણાય. સામાન્ય રીતે આ માર્ગે કોઈ ભૂલથી ચઢતું નથી. છતાં, જેને એવું લાગતું હોય કે ભૂલથી કુંડાળામાં પગ પડી ગયો, તેમના માટે પાછા ફરવાનો સહેલો રસ્તો છેઃ સરકારની ટીકાને બદલે નાગરિકોની મુશ્કેલીઓ અંગે વધુ જીવ બાળવો-વધુ દુઃખી થવું.

જે ભક્તો કહેતા હોય કે 'અણધારી આફત આવી પડી, તેમાં સરકાર શું કરે' અને 'આવી તો કોઈને કલ્પના પણ નહીં' તેમને અહીં આપેલી લિંક અથવા ગુગલ પર શોધીને એ પ્રકારની બીજી લિંક આપવી. તેમાં ચોખ્ખું લખ્યું છે કે નવેમ્બર ૨૦૨૦માં સંસદીય સમિતિએ કેવી ચિંતા કરી હતી અને ઑક્સિજનના ઉત્પાદન અંગે પણ કેવી ભલામણ કરી હતી. શોધતાં આવા બીજા પણ ઘણા પુરાવા મળશે.

https://www.newindianexpress.com/nation/2021/apr/24/covid-19-parliamentary-panel-asked-govt-in-november-last-to-augment-oxygen-production-cap-price-2294406.html

ઑક્સિજનના ઉત્પાદન અંગેની તૈયારીમાં સરકારી ગેરવહીવટ કેવો હતો તેનો ખ્યાલ આપતી આ લિંક પણ સાથે આપી શકાય.

https://www.barandbench.com/columns/10-things-to-know-about-oxygen-regulation-in-india

વાઇરસનો ચેપ આટલો વકર્યો તેના માટે લોકોની બેદરકારી બેશક એક મોટું પરિબળ છે. સાથોસાથ, સ્થાનિક સ્વરાજની ચૂંટણીથી માંડીને નેતાઓની ફાંકાફોજદારી સુધી સરકાર પક્ષે લોકોને કયો સંદેશો આપ્યો છે? વડપ્રધાન લાખ-લાખ માણસની રેલીઓ કાઢતા હોય, રાજ્યના પક્ષપ્રમુખ માસ્ક વગર દાદા થઈને ફરતા હોય...

તેમ છતાં, બે ખોટાનો સામસામો છેદ નથી ઉડાડી શકાતો. લોકોની ભૂલ છે તે છે જ. પરંતુ તે વાઇરસનો ચેપ ફેલાવાના તબક્કા સુધી. (ઉપરની યાદીમાં તબક્કો ૩ અને ૪) એ સિવાયના બધા જ તબક્કામાં લોકો નથી આવતા. એટલે, જવાબદારીનો આળિયોગાળિયો લોકોના માથે નાખીને સરકારને બેકસૂર ઠરાવવાની અથવા સરકારનો દોષ ઓછો કરવાની ભરમાવું નહીં.

આ ઉપરાંત બીજા બે જવાબદારો છેઃ અફસરશાહી અને નફાખોરો-કાળાં બજારિયા-કૌભાંડીઓ-સંઘરાખોરો. બીજો વર્ગ મહદ્ અંશે સામજિક દૂષણ છે. તેમાં કોઈ સત્તાધીશની સામેલગીરી ન હોય તો તે સરકારનો દોષ નથી.

બાકી રહી અફસરશાહી. કોરોના જેવી પરિસ્થિતિમાં અફસરો શું કરી શકે? સરકારને ઢંઢોળી શકે, આગોતરું આયોજન કરી શકે, તેને અણગમતી વાસ્તવિકતા બતાવી શકે, તેનો મુકાબલો કરવાનું આયોજન રજૂ કરી શકે, તેમાં આવતી અડચણોના પોતાની આવડતથી ઉકેલ કાઢી શકે, આયોજનને અમલી બનાવવામાં સક્રિય ભૂમિકા ભજવી શકે. આઇ.એ.એસ. થયેલા લોકોની આવડત ધ્યાનમાં રાખતાં, તેમની પાસેથી આટલી અપેક્ષા રાખવાનું જરાય વધુ પડતું નથી. તેમણે કમ સે કમ શું ન કરવું જોઈએ? સરકારને છાવરવી ન જોઈએ, તેના વતી જૂઠું ન બોલવું જોઈએ, તેના ઇમેજ મૅનેજમૅન્ટ અને હેડલાઇન મૅનેજમૅન્ટની લોકવિરોધી કામગીરી કરવી ન જોઈએ. ભ્રષ્ટાચાર વગેરે મુદ્દા અહીં લખવાની જરૂર નથી. એ તો કાયમી છે.

બીજા વેવના ખતરનાક સ્વરૂપના એક મહિના પછી પણ જે ભયંકર સ્થિતિ છે, તે ધ્યાનમાં રાખતાં કરવા જેવાં કામમાંથી બહુ ઓછાં થઈ શક્યાં હશે, એવું સહેજે માની શકાય. અફસરોનાં સારાં કામનો જશ સરકાર લે છે-તે પોતાની દેખરેખ-સૂચના-આગેવાની તળે થયેલાં ગણાવે છે. માટે જે કંઈ ન થયું તેની નિષ્ફળતાનો અપજશ પણ સરકારનો જ ગણાય.

મોટા ભાગના અફસરો નેતાઓની મરજીથી ઉપરવટ જઈને કંઈ કરતા નથી અથવા કરી શકતા નથી. એટલા માટે પણ અફસરશાહીના અપજશની સંપૂર્ણ જવાબદારી સરકારની ગણાય. એને બદલે સરકાર 'સિસ્ટમ' કહેતાં અફસરશાહીના માથે દોષનો ટોપલો ઢોળીને પોતે સાફ છટકી જવાની ફિરાકમાં રહે છે.

જાહેર-ખાનગી, સેવાભાવી-વ્યાવસાયિક, એમ હોસ્પિટલના તમામ પ્રકારના સ્ટાફથી માંડીને સ્વૈચ્છિક પ્રયત્નો દ્વારા દર્દીઓને મદદરૂપ થનારા તબીબી કર્મીઓ પોતપોતાની આવડત અને મર્યાદા પ્રમાણે કામ કરતા રહ્યા છે. બધાં માણસ સરખાં ન હોય—અને ખાસ કરીને આવા સંજોગોમાં ભલભલાની કસોટી થઈ જાય. તેમ છતાં જે કંઈ થઈ શક્યું તેમાં તબીબી સેવાકર્મીઓની કામગીરીનો મોટો ફાળો છે. આવા કપરા સંજોગોમાં કામ કરનારાં સૌ કોઈ તબીબી કર્મીઓને સલામ.

**ઉર્વીશ કોઠારી**

# પોલીસ ની કેટલીક માનવતા?

કારણ કે આખા ભારતમાં પ્રથમ નંબર ગુજરાતના પોલીસ ડીપાર્ટમેન્ટ નો હાલ આવી રહ્યો છે.અને પોલીસ ડીપાર્ટમેન્ટ ની મહેનત મેં બહુ નજદીક થી જોયેલ છે.પરંન્તુ ૧૦૦ માંથી ૫ ટકા અમુક પોલીસ અધિકારીઓ પ્રજાનુ નહીં પણ પોતાનું હિત થાય તે માટે બસ પ્રજાનુ અહિત કરી રહ્યા છે અને જેના કારણે આખુ પોલીસ ડીપાર્ટમેન્ટ બદનામ થાય છે.

ખાસ મહત્વની વાત તો એ છે કે જો કોઈ વ્યક્તિ ને નકલી વકીલ બનીને અને છેતરપિંડી આચરવી હોય અને ખેડૂતોના આગેવાન બનીને ખેડુતોને મોટી મોટી લાલચો આપીને મોટી રકમના તોડ કરવા હોય અને કરોડો રૂપિયાની કમાણી કરવી હોય તો સાંતેજ પોલીસ સ્ટેશન ની હદ ના વિસ્તારમાં પહોંચી જાઓ....

કારણ કે આખા સાંતેજ ગામમાં ચર્ચા ચાલી રહી છે અને સૂત્રોથી મલેલ માહિતી મુજબ એક વ્યક્તિ જે ગામનો ના હોવા છતાં તેમજ સગા-સંબધી પણ ના હોવા છતાં તેમજ કોય પણ જમીન ખરીદી કરવા માટે ટોકન પેટે રૂપિયા આપ્યા વગર ગરીબ અને અભણ ખેડુતો નો આગેવાન તેમજ નકલી વકીલ બનીને ખેડુતોના અંગુઠા.સહી કરાવીને પાવર ઓફ એટર્ની કરાવી લઈને પાવર હોલ્ટર બની ને પોલીસ સાથે મેળાપી પણાથી ગણી મોટી રકમોના તોડ થઈ રહ્યા છે અને ખેડુતોને આજ દિન સુધી કોય એક વિગા જમીન નો ટુકડો પરત અપાવેલ નથી માત્ર ને માત્ર અમુક રૂપિયા ની નાની રકમ જ ખેડુતોને આપેલ છે

સૂત્રોથી મલેલ માહિતી મુજબ જમીન પેટે જે રૂપિયા ની મોટી સામે વારી પાર્ટી પાસેથી મળતી હોય છે તેમાં એક ભાગ નકલી વકીલ ખેડુતોનો આગેવાનનો તેનો પોતાનો અને એક ભાગ ગામના એક માથાભારે ઠાકોરનો અને એક ભાગ મિડીયા વાળાનો જેમાં તે પોતે મેનેજીંગ એડીટર છે તેવા મિડીયા વારા તેનાજ પત્રકાર દ્વારા આ ખેડુતના આગેવાન (નકલી વકીલ) ના કહેવા મુજબ સામેની પાર્ટી ને ડરાવવા માટે જે સ્ટોરી બનાવીને જાહેરાત કરે છે એમનો.અને એક ભાગ તેના પોતાના ટ્રસ્ટનો અને એક ભાગ પોલીસનો આમ ચાર ભાગ નો દાવો કરી ને તે ખેડુતનો બનેલ આગેવાન (નકલી વકીલ) લઈ લે છે અને બાકી બચેલી નાની રકમનો ભાગ ખેડુતને આપે છે.

અને કોય પણ પ્રકારની નકલી પ્રોડક્ટ બનાવવી હોય તો સાંતેજ પોલીસ સ્ટેશન ની હદ વિસ્તારમાં પહોંચી જાઓ....

કારણ કે એક સમયે પોલીસ ની મહેરબાની થી સ્ઈહ્વ ની નકલી ટ્યુબ બનાવતુ કારખાનુ ધમધમાટ ચાલતુ હતુ અને બાતમીદારે ડાયરેક્ટ કંપની દ્વારા રેડ કરાવી ને બંધ કરાવેલ.....

તેમજ ખુલ્લેઆમ દારુ ચરસ ગાંજાનો ધંધો કરવો હોય તો અને ખુલ્લેઆમ ધાર્મિક સ્થળ ઉપર બેસીને ગાંજા ચરસનો કે અન્ય કોઈ પણ નશો કરીને આરામથી કોય પણ ટેન્શન વગર બિન્દાસ ફરવુ હોય તો સાંતેજ પોલીસ સ્ટેશન ની હદ વિસ્તારમાં પહોંચી જાઓ.....

કારણ કે સાંતેજ પોલીસ સ્ટેશન માં કોય પણ આવા પ્રકારનો ગુન્હો પી.આઈ.દાખલ કરતા જ નથી..

સુત્રોથી મલેલ જાણકારી મુજબ અને સાંતેજ ગામના લોકોમાં ભારે ચર્ચાઓ થઈ રહ્યા મુજબ બસ પી.આઈ.સાહેબના માનીતા વહીવટદાર નો સંમ્પર્ક કરી લેવાનો રહેશે.સૂત્રોથી મલેલ માહિતી મુજબ ચિરાગભાઈ સાથે મિટિંગ કરવાની રહેશે.કોણ છે આ ચિરાગભાઈ ??

સાંતેજ પોલીસ સ્ટેશન ના પી.આઈ ની પહોંચ ગણી ઉપર સુધી હોય તેમ લાગે છે આ કહેવાતા પી.આઈ.સાહેબની ઉપર કયા ઉપ્રિ અધિકારીઓ અને કયા મોટા નેતાઓ ની મહેરબાની ચાલી રહી છે ?? જેના કારણે આખા ગામમાં ચર્ચા ચાલી રહી છે કે કહેવાતા આવા આ નકલી વકીલ વિરૂદ્ધ અરજી પણ કરવામાં આવી છે અને મિડીયા દ્વારા સાબિત પણ થઈ ચૂક્યું છે કે આવી આ વ્યક્તિ જે ખેડુતોનો આગેવાન બનીને ફરી રહ્યો છે તે કોય વકીલ છે જ નહી તેમ છતાં હજુ સુધી છેલ્લા બે મહિનાથી વધુ સમય થઈ ચૂક્યો હોવા છતાં આવા આ નકલી વકીલ વિરૂદ્ધ અરજી થઈ ગયેલ હોવા છતાં હજુ સુધી કોઈ ગુન્હો દાખલ કરેલ નથી... કારણ કે આ નકલી વકીલ પી.આઈ સાહેબનો શુ કમાઉ દિકરો છે ?? તેમ લોક ચર્ચાઓ ચાલી રહી છે.

મિત્રો ગામના ખેડુતો માટે સ ર કા ર ે સરપંચ.મામલતદાર.કલેક્ટર જેવા અધિકારીઓ નું આયોજન વર્ષોથી કરેલ છે.અને કોર્ટ નુ પણ આયોજન કરેલ છે.પરંન્તુ સાચા વકીલ પાસે જવુ જોઈએ તેમજ ખેડુતો માટે આગેવાની પણ ગામનો ખેડુત કરી શકે ક્યાંતો પછી ગામની તટસ્થ વ્યક્તિ જ કરી શકે છે જેમ કે કોય ફેક્ટરી કે કંપનીના માણસો નો આગેવાન ફેક્ટરી કે કંપનીનો જ વ્યક્તિ કરી શકે છે કોય બહારની વ્યક્તિ ના કરી શકે તે પ્રજાને જાણકારી છે

સૂત્રોથી મલેલ જાણકારી મુજબ આ એક એવો નકલી વકીલ છે જે ખેડુતોનો આગેવાન બનીને સાંતેજ ગામના ખેડુતો ને મોટી લાલચ આપીને જમીન પરત અપાવીશ કહીને પાવર ઓફ એટર્ની લઈ ને પાવર હોલ્ડર બનીને ખેડુતોની ગરીબીની વ્યથાનો દુરઉપયોગ કરીને પોતાના રોટલા શેકવામાં હોંશિયાર છે. અને આવા હોંશિયાર માણસ ના વિષયની તમામ જાણકારી પી.આઈ.ની પાસે હોવા છતાં આવી આ વ્યક્તિ ઉપર હજુ સુધી કોય કાયદેસરના પગલા લેવામાં આવેલ નથી.ઉપરાંત સાથ સહકાર આપી રહ્યા છે. સાંતેજ ગામમાંના જ સૂત્રાથી મલેલ જાણકારી મુજબ આવા આ નકલી વકીલે ખેડુતનો આગેવાન બનીને અને ગામના એક માથાભારે ઠાકોરનો સાથ સહકાર સાથે રાખીને સાંતેજ ગામમાં ગણા બધા ખેડુતોની મલીને કુલ અંદાજે આશરે ૩૦૦ વિઘા જમીનની ખેડુતો પાસેથી પાવર ઓફ એટર્ની લઈ ને ગણી અરજીઓ કરીને કરોડો રૂપિયાની કમાણી કરી ચૂકેલ છે જેનું કામ એક જ છે માત્ર ને માત્ર પાવર હોલ્ડર બનીને પોલીસ સ્ટેશન માં અરજીઓ કરવાનું.જેથી પી.આઈ સામે વારી પાર્ટી ને જવાબ લખાવવા બોલાવે જેથી પાર્ટીઓ ડરી જાય અને પોતાની જ મિડીયામાં જેમાં તે મેનેજીંગ એડીટર છે જેના પત્રકાર દ્વારા સામેની પાર્ટી ને બદનામ કરીને ને ડરાવાનું.કામ કરી રહ્યો છે તે કોણ છે આ પત્રકાર જે આવા આ નકલી વકીલ ખેડુતોનો આગેવાન બનીને ફરી રહ્યો છે તેવા માણસ ને સાથ સહકાર આપી રહ્યા છે...

કોણ છે આ નકલી વકીલ જે ખેડુતોનો આગેવાન બનીને ફરી રહ્યો છે અને કોણ છે ગામનો માથાભારે ઠાકોર જેના દિકરાથી અને ભત્રીજાથી ગામના ખેડુતો ડરી રહ્યાં છે અને કોણ છે આના સપોર્ટ માં પત્રકારો અને તે તમામનો વહેલી તકે વિડીઓ ક્લિપ પ્રુફ સાથે સત્ય ખુલાશો કરશે અમારી ન્યૂઝ ઈનશાઈડ ચેનલ.જોતા રહો ન્યૂઝ ઈનશાઈડ વેબ ચેનલ.ન્યૂઝ પેપર તેમજ ડાયરેક્ટર મહેશ દવે ના આર્ટિકલ વાંચતા રહેશોજી ??

**મહેશ દવે.ડાયરેક્ટર ન્યૂઝ ઈનશાઈડ.અમદાવાદ, ગુજરાત**

# સ્ત્રીનું જીવન - સંબંધનું સાચુ સિંચન






સાચું કહીએ તો સ્ત્રી પોતાની સ્નેહવર્ષાથી દરેક સંબંધને બાંધી જાળવી લે છે અને તેને જીવંત પણ બનાવી રાખે છે. જે રીતે ઘરમાં રહેલા તુલસીના છોડને તે રોજ સવારે પાણીનું તર્પણ કરી લીલોછમરાખે છે, તેવી જ રીતે તેના જીવન સાથે જોડાયેલા તમામ સંબંધો અને સગપણોને તે લીલાછમ રાખે છે. પ્રેમ, આદર, લાગણી, નમ્રતા, સ્નેહ દ્વારા તે દરેક સંબંધને તાજો રાખવાનો પ્રયત્ન કરે છે. તે પોતાના દરેક સંબંધને ખૂબ પ્રેમભાવથી નિભાવી રહી છે, પણ આજના સમયની બદલાતી પરીસ્થિતી પ્રમાણે સંબંધમાં પણ જટિલતા આવી ગયેલી જોવા મળે છે. જોકે આ ફેરફારનો હકારાત્મક ભાગ એ છે કે આજે શિક્ષણ, જાગૃતતા અને ભાવનાત્મક સંતુલનની દ્રષ્ટીએ ભારતીય સ્ત્રી વધારે પ્રમાણમાં પરિપક્વ થયેલી જોવા મળે છે. જેના કારણે જીવનના દરેક પડાવ પર તે પોતાના દરેક સંબંધોને ખૂબ સહજપણે સજાવતી અને સાચવતી જોવા મળે છે.

પહેલાના સમયમાં માતા-પિતાની ઉંમર વધતા ઘડપણ આવે ત્યારે સામાજિક સંબંધોને સાચવવાની અને તેમની જવાબદારી દીકરા અને વહૂના માથે આવતી હતી, પણ હવે સમય બદલાયો છે. આજના સમયમાં દીકરી સામેચાલીને માતા-પિતાની જવાબદારી લઈ રહી છે. આજની આધુનિક સ્ત્રી પિયર અને સાસરીયા બંને કુટુંબ અને સંબંધોમાં કે અન્ય સંબંધીઓનો સંપર્ક રાખવામાં પણ અગ્રેસર રહે છે.

દાંમ્પત્ય જીવનમાં સ્ત્રીની સક્રિય ભાગીદારીએ તેની સ્થિતિની પહેલાની તુલનામાં વધારે મજબૂત બનાવી દીધી છે. તે શિક્ષિત, આત્મનિર્ભર અને જાગૃત છે. આ જ તાકાત તેને પતિનીસાથે કદમ મિલાવીને ચાલવામાં મદદરૂપ બને છે. આજના પુરુષને પણ ખબર છે કે તેની પત્ની ઘરની જવાબદારીઓ સંભાળવા ઉપરાંત પતિની આર્થિક અને સામાજીક જવાબદારીઓ વહેચી લેવામાં પણ સક્ષમ છે.

પરંપરાગત રીતે જોવા મળતી વહુની છબી પણ બદલાઈ રહી છે. આજની સ્ત્રી ભલે પાશ્ચાત્ય કપડાં પહેરતી હોય, પણ વડીલોનું માન તે સાચા મનથી જાળવે છે. ઘર અને ઓફિસની દરેક જવાબદારી તે ખૂબ ચિવટરાખીને સંભાળે છે. સાસરિયાના દરેક સભ્યો પ્રત્યેનું તેનું વર્તન સરળ જોવા મળે છે. આજની વહુ દરેક વિષય અંગે પોતાની સ્પષ્ટ વિચારસરણી ધરાવે છે. જો તેને કોઇ વાત પસંદ ન હોય તો તે સ્પષ્ટતાપૂર્વક અસહમતિ દર્શાવવામાં ખચકાટનો અનુભવ પણ કરતી નથી. આજની હોંશિયાર વહુઓના કારણે સાસુના વિચારોમાં પણ પરિવર્તન આવી રહ્યું છે.

સ્ત્રી પોતે માતા, વહુ, દિકરી, પત્ની, દાદી, નાની, બહેન, પ્રેયસી, પત્નીના અનેક સ્વરૂપની જવાબદારી એક સાથે નિભાવે છે, તેમાં માતાનું રૂપ હંમેશા અગ્રસ્થાને છે. આજની શિક્ષિત અને સમજદાર માતાની જવાબદારી પહેલાની તુલનામાં અનેકગણી વધી ગઈ છે. તે પોતાના બાળકોની તમામ જરૂરીયાતોને ખૂબ સારી રીતે જાણે છે. માતાનો પોતાના બાળકો સાથેનો સંબંધ મિત્રતાભર્યો બની ગયો છે અને બાળકો પોતાની દરેક મુશ્કેલીઓની ચર્ચા તેમની માતા સાથે ખુલ્લામનથી કરી શકે છે. બાળકો સાથે તેના સંબંધમાં સહજતા જરૂર છે; પણ તે તેમને સંયમિત પણકરવા માગે છે.

આજની સ્ત્રી આર્થિકરૂપે પગભર છે, આત્મનિર્ભર છે. સાથે જ તેના કાર્યસ્થળ પર પણ પહેલાની તુલનામાં સ્થિતિ વધારે મજબૂત બની છે. હવે સ્ત્રીઓની નજર એટલી સચેત થઇ ગઇ છે કે તેને હવે સાચા અને ખોટાનો ખ્યાલ આવી શકે છે, તે સમય અને સંજોગો અનુસાર વ્યક્તિઓને ઓળખવામાં થાપ ખાતી નથી. કોઇ સહકાર્યકર સાથે સંબંધ બગડે કે બોસના વર્તનથી પરેશાની હોય તે તમામ તબક્કે હવે લડી લેવા સક્ષમ બની ગઇ છે.

આજની સ્ત્રી આત્મનિર્ભર અને આઝાદ છે. જેના કારણે તે પોતાના દરેક સંબંધને ખૂબ સારી રીતે સંતુલિત કરી શકે છે. હવે તેનામાં સાચાને સાચું અને ખોટાને ખોટું કહેવાની હિમ્મત આવી ગઇ છે. તે પોતાના દરેક નિર્ણયો જાતે લેવામાં સક્ષમ બની ગઇ છે. સ્ત્રીઓ પ્રત્યે લોકો બદલાયેલા દ્રષ્ટીકોણમાં હકારાત્મકતા જોવા મળે છે. સમાજ પણ તેની આ નવી ભૂમિકાને સ્વીકારવા લાગ્યો છે. જેનાથી સ્ત્રીનો આત્મવિશ્વાસ વધી રહ્યો છે. દાંમ્પત્યમાં પણ તેનો સંબંધ સંપૂર્ણ બરોબરીના સ્થાને છે.દરેક તબક્કે લડી લેતી આજની આધુનિક સ્ત્રી સંબંધોને સાચવવામાં અગ્રેસર રહેવા માગે છે. કારણ,કે તે હવે હાર માનવા તૈયાર નથી.

પોતાના ઘર-પરિવારને અને તમામ સંબંધોને તે પ્રેમના તાંતણે જોડી રાખવા માગે છે. સમય બદલાઇ રહ્યો છે અને સંબંધોની માળા તૂટવા લાગી છે. આજે સહકુટુંબમાં રહેતા લોકો ભાગ્યે જ જોવા મળે છે, તેવામાં સ્ત્રી એક જ એવી વ્યક્તિ છે, જે સાથે રહીને કે છૂટા રહીને પણ દરેક સંબંધોને જોડીને રાખી શકે છે. આધુનિક વિચારો ધરાવતી આજની સ્ત્રી પોતાના વિચારો પ્રમાણે પ્રેમનું સિંચન કરે છે. જે કુટુંબના દરેકને ખુશીઓ આપવામાં માને છે.અનેકરૂપ હોવા છતાંય દરેક સંબંધને તે એકરૂપ બનાવી રાખવામાં સક્ષમ બની ગઇ છે.

## ૯૯ નોટ આઉટ...જીંદગી ઇન... કોરોના આઉટ

# ફક્ત ૪ દિવસમાં જ ૯૯ વર્ષીય સામુબેન ચૌહાણે કોરોનાને હરાવ્યો, સિવિલ હોસ્પિટલનો ઐતિહાસિક કિસ્સો

### પડોશીધર્મનું મૌલિક ઉદાહરણ કોરોના વોર્ડમાં સમુબેનની લગોલગ સારવાર મેળવી રહેલા મૌલિકે પુરૂ પાડ્યુ



કોરોનાવોર્ડમાં સારવાર મેળવી રહેલા ૯૯ વર્ષીય સામુબેનને એકદિવસ પોતાના પરિવાર સાથે વાત કરવાની પ્રબળ ઈચ્છા જાગી...૯૯ વર્ષની ઉમ્રમાં પહેલી વખત તેઓ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ થયા છે.પરિવારથી પ્રથમ વખત વિખૂટા પડેલા સામુબેન ઉદાસ મુખે ખાટલા પર બેસીને કંઈક વિચારી રહ્યા છે. લગભગ પોતાના પરિવારને મળવાની તેમને નિહાળવાની ઝંખના સેવી રહ્યા છે... પરંતુ તે કંઇ રીતે પૂરી થશે ??

એવામાં તેમની લગોલગ અન્ય ખાટલા પર કોરોનાની સારવાર મેળવી રહેલા ૩૦ વર્ષીય નવયુવાન મૌલિક એકલાઅતૂટા બેસેલા બા ને નિહાળે છે. તેમની સમીપે જંઇ તેમની તકલીફ જાણવાની કોશિષ કરે છે. ત્યારે ખબર પડે છે કે તેઓ મુંઝાઇ રહ્યા છે.. પરિવારને યાદ કરી રહ્યાં છે...તેમના પરિવારને નિહાળવાની પ્રબળ ઈચ્છા સેવી રહ્યા છે.. પરંતુ તેનો માર્ગ જડી રહ્યો નથી.. કેમકે સામુબેનને તો મોબાઇલ ચલાવતા પણ નથી આવડતો.. અને વોર્ડમાં કોઈને કહેતા પણ અચકાય છે....

આવી પરિસ્થિતિમાં પડોશીધર્મ શું હોય તેનું ×મૌલિક×ઉદાહરણ મૌલિકે પુરુ પાડ્યુ... તેણે સામુબા જ્યાર સુધી વોર્ડમાં દાખલ રહ્યાં તે દિન સુધી શ્રવણ બનીને બા ની મદદ કરી... સામુબાને જ્યારે જ્યારે પોતાના પરિવારજનો સાથે વાત કરવાની,વીડિયો કોલ કરીને તેમને નિહાળવાની ઈચ્છા થતી મૌલિક ફોનથી સંપર્ક કરાવતો... બા ને જ્યારે પણ એકલાપણું અનુભવાતુ તે બા થી વાતચીત કરીને દૂર કરતો...

આ કિસ્સાની ત્યારે શરૂ થઇ જ્યારે ૯૯ વર્ષીય સામુબેન ચૌહાણ કોરોનાગ્રસ્ત થયા. તેમનું ઓક્સિજનનું લેવલ પણ ઘટવા લાગ્યું. ત્યારે તેમના પૌત્ર વિશાલભાઇ તેમને આકસ્મિક સંજોગોમાં મિત્રની ગાડી લઇ ખાનગી વાહનમાં બેસાડીને અમદાવાદ સિવિલની કોરોના ડેઝીગ્નેટેડે ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ આવ્યો.

સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડટ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે ઓક્સિજન લેવલ ૯૦ પહોંચી ગયુ હતુ. જેથી ટ્રાયેજ વિસ્તારમાં પ્રોગ્રેસિવ સારવાર આપીને તેમને વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યા.

વોર્ડમાં દાખલ થયા ત્યારે તબીબોની સતત દેખરેખ અને પ્રોગ્રેસિવ સારવારના કારણે સામુબેનના મજબૂત મનોબળે કોરોના નામના રાક્ષસને પણ હંફાવી દીધો. ફક્ત ચાર દિવસના ટૂંકા ગાળામાં ન ભૂતો ન ભવિષ્યતિ કહી શકાય તેવો ઇતિહાસ અમદાવાદ સિવિલમાં સર્જાયો.

૯૯ વર્ષની જૈફ વયે યુવાનોને હંફાવે એવા જોમ ,જુસ્સો અને જિંદગી જીવવાની જીજીવિષા ના કારણે ફક્ત ૪ દિવસમાં જ કોરોનાને મ્હાત આપી ઘરે પરત ફર્યા.

દરિદ્રનારાયણની સેવા કરતી સિવિલ હોસ્પિટલ માંથી ઘરે પરત ફર્યા બાદ સામુબેને તબીબો, નર્સિંગ, પેરામેડિકલ અને સફાઇ કર્મીઓ સહિત નાના-મોટા તમામ નો શ્રેષ્ઠ સાર સંભાળ રાખવા બદલ સહ્યપૂર્વક આભાર માન્યો હતો. લાગણીસભર સ્વરે અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા રાખવામાં આવેલી દેખરેખ , નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી સારસંભાળ, હોસ્પિટલ તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી ભોજન થી લઈ અન્ય વ્યવસ્થા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ ડૉ.જે.વી. મોદી કહે છે કે,અમારી કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં જૈફ વયના દર્દીઓ માટે અલાયદો જીરીયાટ્રીક વોર્ડ કાર્યરત છે.જેમા વયસ્ક દર્દીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવીને કેટલીક ખાસ પ્રકારની સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પોઇન્ટ બ્લેક.....

કોરોના કી યે ક્યા મજાલ

કી જો મેરે હૌસલો કો તોડ દે...અમિતસિંહ ચૌહાણ

## કૂવામાં ખાબકેલી કારના ચાલકને લોકોએ બચાવી લીધો

# મને કોરોના છે કોઈ અડશો નહીંની બૂમ પાડતાની સાથે લોકોમાં નાસભાગ,લોકો ભયભીત

અરવલ્લી બ્યુરો મઠવાસ



શહેરમાં કોરોનાની મહામારીએ લોકોને શારીરિકની સાથે માનસિક રીતે પણ પરેશાન કરી દીધા છે. જેને કારણે લોકો ડરના માર્યા જિંદગી ટૂંકાવી રહ્યા હોવાની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓને મદદ કરવામાં પણ ભારે ડર અને ભય અનુભવી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લામાં ધરમ કરતા ધાડ પડે તેવી ઘટના અરવલ્લી જીલ્લામાં બહાર આવી છે જેમાં માલપુર-ધનસુરા રોડ પર વાવડી ગામ નજીક આવવારું કુવામાં કાર ચાલક ખાબકતા નજીકમાં રહેણાંક ધરાવતા આર્મી જવાનો અને લોકો કાર ચાલકની મદદ માટે પહોંચી કાર ચાલકને રસ્સીની મદદથી ભારે જહેમત પછી બહાર કાઢ્યો હતો કાર ચાલક બહાર નીકળતાની સાથે મને કોરોના થયો છે અને લોકોને દૂર રહેવા જણાવતા મદદ માટે પહોંચેલા લોકોમાં ભારે નાસભાગ મચી હતી ઈજાગ્રસ્ત કાર કારચાલક ગાયબ થઇ જતા બચાવ માટે પહોંચેલા લોકોમાં કોરોના સંક્રમણનો ભય પેદા થયો છે

માલપુરના સોમપુર થી અણિયોર રોડ ઉપરના વાવડી ગામ પાસે કોરોનાગ્રસ્ત કાર ચાલક વેગન આર ગાડી લઈને અણીયોર તરફના રોડ ઉપર બેદરકારીપૂર્વક અને પૂરઝડપે ગાડી હંકારતા સ્ટેયરિંગ ઉપરથી કાબૂ ગુમાવતા રોડની સાઈડના ૬૦ ફૂટના અવાવરૂ કુવામાં ગાડી ખાબકી હતી, ધડાકાભેર અવાજથી મુસાફરો અને વાવડી ગામના લોકો એકઠા થઇ રસ્સી વડે ચાલકને બહાર કાઢવામાં આવતા સારવાર અર્થે ખસેડાયો હતો,ધનસુરા વડાગામનો ચાલક પોતાની વેગનઆર ગાડી લઇ અણીયોર તરફ જતાં પૂરઝડપે બેદરકારી પૂર્વક ગાડી હંકારતા વાવડી નજીકના રોડની સાઈડના અવાવરૂ કુવામાં ગાડી ખાબકીતા ધડાકાભેર અવાજથી મુસાફરો અને વાવડી ગામના લોકો એકઠા થઈ જતા રસ્સી વડે સાઈઠ ફુટ ઉંડા કુવામાં ઉતારીને ગાડીનો પાછળ નો કાચ તોડી ચાલકને બહાર કાઢી ઈજાઓ થઇ હતી, ચાલકે બહાર આવી× મને કોઈ અડશો નહીં હું કોરોના પોઝિટિવ છું× તેમ કરતા એકઠા થયેલા લોકોમાં ચકચાર મચી ગઇ હતી

## કોરોના સંકટમાં ચંપક સુખડિયા ટ્રસ્ટ દ્વારા

# નર્મદામાં જરૂરિયાતમંદોને અનાજ વિતરણ તથા ફૂડ પેકેટનું વિતરણ કરાયું



રાજપીપળા,તા. ૫


નર્મદા જિલ્લામાં કોરોના સંકટમાં ચંપક સુખડિયા ટ્રસ્ટ દ્વારા નર્મદામાં જરૂરિયાત મંદોને માસિક અનાજ વિતરણ કાર્યક્રમ હેઠળ અનાજ વિતરણ તથા ફૂડ પેકેટનું વિતરણ કરાયું હતું.ચંપક સુખડિયા ટ્રસ્ટ દ્વારા નર્મદામાં જરૂરિયાત મંદોને પ્રતિમાસ માસિક અનાજ વિતરણ કાર્યક્રમ અંતર્ગત ૧ મે ૨૧ના રોજ અનાજ વિતરણ પ્રોજેક્ટ અંતર્ગત ટ્રસ્ટે યુ. કે.ના હેમા રાજેન્દ્રભાઈ વ્યાસ દ્વારા પ્રાયોજિત ૨ કિલો ચોખા,૫૦૦ ગ્રામ તુવેરનીદાળ અને ૫૦૦ ગ્રામ ગ્રીનમગનું વિતરણ પદ્મકાંત પરિષદ દ્વારા અને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.તેમજ આ કોવીડ ૧૯ ના રોગચાળા દરમિયાન ટ્રસ્ટના દરેક કાર્ડ ધારકને જીતુભાઈ પરીખના સૌજન્યથી ચહેરા માસ્ક સાથે ૨૦ કેપ્સ્યુલ્સ ઈમ્યુનબુસ્ટર, નિમ્બુસીઝડ ની બોટલ આ સમયે શીલાજા ભાવેશ અને જીતુભાઈ પરીખે, નીતાઈ પરીખ, મનહરભાઈ સાથે વિતરણ કરવામાં મદદ કરી મનહરભાઈ માસ્ટર, શુભદાબ સુખડિયા અને યોગેશ સુખડિયા મદદરૂપ થયા હતા.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## અગાઉ સ્વૈછિક લોકડાઉન આંશીક સફળ રહ્યું હતું

# મોડાસા: કોરોનાની ચેન તોડવા ૫ દિવસ સુધી સ્વૈચ્છીક લોકડાઉનની જાહેરાત

અરવલ્લી બ્યુરો મઠવાસ




અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજ લહેર જીવલેણ નિવડી છે અને જિલ્લામાં દરરોજ કોરોનાના રેકોર્ડબ્રેક કેસ નોંધાઇ રહ્યા છે. જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કોરોના પોઝીટીવ કેસનો આંક ૩૦૦૦ હજાર પર નોંધાયા છે. કોરોનાગ્રસ્ત દર્દીઓના ટપોટપ મોત નિપજતા જાગૃત નાગરિકોમાં મોડાસા શહેરમાં સ્વૈચ્છીક લોકડાઉનની કડક અમલવારીની જરૂર હોવાની સોશિયલ મીડીયાના વીવીધ ગ્રુપોમાં ચર્ચાઓનો દોર ચાલ્યા પછી નગરપાલિકા તંત્ર,વહીવટી તંત્ર અને વિવિધ વેપારી સંગઠનો દ્વારા બજાર સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

અરવલ્લી જિલ્લામાં કૉરોનાનું સંક્રમણ વધતા મોડાસા શહેર આવતીકાલ બુધવાર થી રવિવાર સુધી એમ પાંચ દિવસ સુધી સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય કરાયો છે... મોડાસા ટાઉન હૉલ ખાતે ચેમ્બર ઓફ કોમર્સ, નગર પાલિકા તંત્ર, વહીવટી તંત્ર તેમજ પલિસ તંત્રની સંયુક્ત બેઠક યોજાઇ હતી, જેમાં શહેરના વિવિધ વેપારી એસોસીએશન ના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.. આ બેઠકમાં કૉરોનાના વધતા કહેરને લઇને ચિંતન કરવામાં આવ્યું અને દરેક વ્યક્તિ એ પોતાની, પોતાના પકિવારની અને શહેરની ચિંતા કરી સ્વૈચ્છિક રીતે દુકાનો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે... આ સાથે મેડિકલ સેવા અને ફ્લૉર ફેક્ટરીને બંધથી બાકાત રખાયા છે તો શાકભાજી અને ફ્રૂટ વિતરકોનો સમય સવારે ૭ થી ૧૦ અને સાંજે ૫ થી ૮ કરવામાં આવ્યો છે.. મોડાસા શહેર સાથે સબલપુર અને ખલીકપુર પંચાયતે પણબંધ માટે સંમત્તિ આપી હોવાનું ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા જણાવાયું છે.

# કમલેશભાઈ લાંબડીયા તેમજ તેમના પરિવારે કરેલી વિષપાન ઘટનાની ન્યાયિક તપાસ કરાવવા માટે સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટની માંગ

ગઈકાલે રાજકોટ ખાતે શાસ્ત્રીનગર માં રહેતા કર્મકાંડી યુવાને દીકરા -દીકરી તેમજ પોતે દવા પી લેતા સમગ્ર સમાજ માં આના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે કોઈના દબાણવસ આ પગલું આ પરિવારે ભર્યું હોય તેવું સ્પષ્ટપણે લાગે છે. શહેરના નાનામૌવા રોડ પર આવેલ શાસ્ત્રીનગર શિવમ પાર્ક માં રહેતા અને કર્મકાંડ સાથે સંકળાયેલા ભૂદેવ કમલેશભાઈ લાંબડીયા તેમનો પુત્ર અંકિત અને પુત્રી કૃપાલી આ ત્રણ લોકો એ ગઈકાલે રાત્રે ઝેરી દવા પી ને પોતાની જિંદગી ટૂંકાવવાનો પ્રયત્ન કરેલ તેમની સાથે તેમણે સુસાઇડનોટ માં મરવાના સંજોગોનો ઉલ્લેખ કરેલ છે ઈન્ડિયન પીનલ કોડમાં મૃતક વ્યક્તિ દ્વારા લખેલ નોંધ (સુસાઇડનોટ) ને કાયદાકીય રૂપ આપેલ છે તેમાં આરોપીઓનો તેમના ઉપર એસ્ટ્રોશન (બળજબરી પૂર્વક નાણાં પડાવવા) તથા વિશ્વાસઘાટ છેતરપિંડી જેવી વાતનો સ્પષ્ટ ઉલ્લેખ સુસાઇડનોટ માં કરેલ છે તો તે આરોપીઓને કડકમાં કડક સજા થાય અને ભવિષ્યમાં આવા પરિવારો ને આવા પગલાં ભરવાની મજબૂરી ના પડે તેવી સમસ્ત બ્રહ્મ સમાજ માંગ કરે છે.આરોપીઓ ઓને વહેલી તકે ઝડપી ને કડક સજા થાય તેવી માંગ નીચે મુજબના આગેવાનોએ કરેલ હતી.

શ્રી રામ ભાઈ મોકરિયા રાજયસભાસાંસદ ,શ્રી નીતિન ભાઈ ભારદ્વાજ ભાજપ અગ્રણી ,શ્રી કશ્યપ ભાઈ શુક્લ ભાજપ અગ્રણી,શ્રી દર્શિત જાની બ્રહ્મ સમાજ પ્રમુખ ,સૌરાષ્ટ્ર કછ સમસ્ત બ્રહ્મ સમાજ ના ટ્રસ્ટી શ્રી જીતુ મહેતા વિગેરે આજે રજુવાત કરી હતી....

## મોટરસાયકલ ચાલક ફરાર

# ગરૂડેશ્વર તાલુકાના મોટી રાવલ ગામે રોડ અકસ્માતમાં ત્રણને ઈજા.

રાજપીપળા, તા.૪

ગરૂડેશ્વર તાલુકાના મોટી રાવલ ગામે રોડ અકસ્માતમાં ત્રણને ઈજા ગંભીર ઈજા થવા પામી છે.જેમાં અકસ્માત કરી મોટર ચાલક ફરાર થઈ જતા પોલીસે ચાલક સામે ફરિયાદ કરી છે.જેમાં ફરિયાદી નગીનભાઈ ગોપાલભાઈ તડવી (રહે, મોટીરાવલ પટેલ ફળિયું) એ આરોપી મોટર સાયકલ હીરો પેશન જીજે ૬ એફ આર ૯૦૫૧ ના ચાલક સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી મોટરસાયકલ નંબર જીજે ૬ એફ આર ૦૯૫૧ ના ચાલકે ફરિયાદી નગીનભાઈ તથા સાહેદ અનિતાબેન તેમજ પ્રીતિકાબેન ચાલતાં-ચાલતાં ઢાળ ચઢી હાઈવે રોડ પર આવતા હતા,ત્યારે મોટરસાયકલ ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી નગીનભાઈને જમણા પગે અથાડી ફંગોળા દઈ નળાના ભાગે ફેક્ચર કરી તેમજ માથામાં તેમજ ડાબા ખભાના ભાગે તેમજ સાહેદ અનીતાબેન અને જમણા પગને પંજાની જમણી બાજુ કપાળના ભાગે તથા કાંડાની નીચેના ભાગે તેમજ પ્રતીકાબેનને જમણી બાજુ કપાળના ભાગે સાધારણ ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે ચાલક મોટરસાયકલ સ્થળ પર મૂકી નાસી જતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ઝઘડિયા તાલુકામાં માસ્કના દંડની ઉઘરાણી બંધ કરવા બાબતે મુખ્યમંત્રીને પત્ર લખતા ધારાસભ્ય છોટુ વસાવા



રાજપીપળા, તા. ૪

ઝઘડિયા તાલુકામાં માસ્કના દંડની ઉઘરાણી કરવા બાબતે ધારાસભ્ય છોટુ વસાવાએ મુખ્યમંત્રીને પત્ર લખી લેખિત રજૂઆત કરી છે. જેમાં પત્રમાં તાત્કાલિક ધોરણે કોરોના મહામારી દરમિયાન માસ્ક નામે તથા અન્ય કારણોસર પોલીસ દંડ વસૂલાતનો બંધ કરે તેવી માંગણી કરી હતી. ભરૂચ જિલ્લા સહિત રાજ્યભરમાં કોરોના મહામારી વ્યાપક પ્રમાણમાં વધી રહી છે. ત્યારે લોકો પાસેથી માતસ્કના નામે હજાર રૂપિયાનો દંડ વસૂલ કરતી ઝઘડિયા પોલીસ ઝઘડિયાના ધારાસભ્ય છોટુ વસાવાએ મુખ્યમંત્રી વિજય રૂપાણી ને પત્ર લખી આ મહામારીમાં નિર્દોષ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પાસેથી દંડ વસૂલ કરવાનું બંધ થાય તેવી રજૂઆત કરી છે રોજે રોજ અસંખ્ય લોકો જીવન રક્ષક દવાઓ, ઓક્સિજન બેડ, વેન્ટિલેટર બેડ સુવિધાના અભાવે તથા તંત્રની ઘોર બેદરકારીના કારણે મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. ભરૂચ જિલ્લામાં તથા ઝઘડીયા મતવિસ્તારમાંથી રોજે રોજ સેંકડો લોકો પાસેથી માસ્કના નામે તથા અન્ય કારણોસર પોલીસ તંત્ર દ્વારા નિર્દોષ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પાસેથી હજાર રૂપિયાનો દંડ વસૂલ કરે છે.તે નિંદનીય છે. લોકો પાસે રોજગાર નથી, કામ,ધંધા બંધ છે.ખેડૂતો,વેપારીઓ, કરીગરો, મજૂરો હેરાન-પરેશાન છે.આવા સમયમાં મધ્યમ વર્ગથી ગરીબ વર્ગના તમામ લોકો આર્થિક મંદીમાં ફસાયેલા છે.ત્યારે ભરૂચ જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા જોહુકુમ થી ડરાવી, ધમકાવીને લોકો પાસેથી દંડ વસુલ એને રંજાડવામાં આવી રહ્યા છે. તાત્કાલિક ધોરણે માસ્કના નામે તથા અન્ય કારણોસર પોલીસ દંડ વસૂલાત કરવાનું બંધ કરે તેવી મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

### દુ:ખદ આવસાન



સ્વ. શારદાબેન સુરેશભાઈ શુક્લ

(ઉ. વ. ૮૦)

*नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक: !*

*न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत: !!*

સ્વ. તાઃ- ૨૯-૪-૨૦૨૧ ગુરૂવાર ચૈત્ર વદ-૩

ગામ:-અમરેલી (હાલ- ગાંધીનગર)

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા માતૃશ્રી શારદાબેન સુરેશભાઈ શુક્લનું દુ:ખદ આવસાન થયેલ છે,

પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના

વર્તમાન પરિસ્થિતીને ધ્યાને લઈ ટેલીફોનીક બેસણું રાખેલ છે

**ટેલીફોનીક બેસણું**

**તા:-૦૬-૦૫-૨૦૨૧ ગુરૂવારે સમય:-સવારે ૧૦ થી ૧૨**

લી.

સમીર સુરેશભાઈ શુક્લ મો:-૯૮૭૯૩ ૦૨૮૪૫

જતીન સુરેશભાઈ શુક્લ મો:-૯૪૨૭૬ ૧૬૬૦૧

માધવીબેન ઉમેશભાઈ યાજ્ઞિક મો:-૯૪૨૭૪ ૫૫૭૮૦

**પાટનગર ટુડે પરીવારના જયશ્રી કૃષ્ણ**

# બુથ,પેજ રસીકરણ કેમ નહિ?

જો ઈલેકશન કમિશન દ્વારા એક વોટ માટે બુથ ઉભુ કરી શકાતું હોય તો વેકિશેનેશન માટે કેમ નહિ???

દરેક વોટર પોતાના બુથ પર જઈ વેક્સિન લઈ શકે, તમામ ચૂંટાયેલ ઉમેદવારે પોતાના વિસ્તાર ની કામગીરી કરવાની ૧ બુથ પર આશરે ૮૦૦ થી ૧૦૦૦ મતદારો હોય છે.

એક શાળામાં આવા ૨થી ૪ બુથ (રૂમ) માં મતદાન થાય છે.

સરકાર દરેક બુથો પર જે તે વિસ્તારના મતદારો મતદારકાર્ડે આધારકાર્ડ લઈને જાય તો તેમને વેકસીન આપવામાં આવશે. તેવી જાહેરાત કરી ને તા.૧લી મે થી ૧૮વર્ષે થી ઉપરના તમામ ને વેકસીન આપવામાં આવશે.

૧બુથ પર રોજના ૧૦૦ જણ ને વેકસીન આપવામાં આવે તો પણ એક બુથ ના તમામ નું રસીકરણ ૧અઠવાડીયા માં કોઈ પણ ભીડ ભાડ વગર શાંતિ થી ૧વિક માં થઈ શકે.

આવી રીતે કામ થાય તો ૧જ વિક માં આખાય દેશ માં રસીકરણ લગભગ ૮૦થી ૧૦૦ ટકા થઈ શકે. અને રાજકીય પક્ષો જેમ વધુ મતદાન થાય તે માટે મહેનત કરતા હોય છે. તેમ રસીકરણ માટે પણ મહેનત કરે તો આખાય દેશ માં ફક્ત ૧૦ દિવસ માં જ રસીકરણ થાય તેમ છે. સરકાર આ અંગે વિચારે.

અમલ શરૂ કરે તો જ રસીકરણ ઉત્સવ ઉજવાય. સફળતા મળે જ. અને કોરોના હારશે દેશ જીતશે.

અને જે મતદાર યાદી માં જેમના નામ નથી તેમના માટેની અલગ વ્યવસ્થા જેતે બુથ પર પણ કરી શકાય.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.